Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal - Shreemati Saraswatiben Ramanlal Shah Sanskrutik Bhavan, Nr. Godawari Dehrasar, Vasna, Ahmedabad-380007.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

કાચું મકાન ચાલશે .....
કાચું ભોજન ચાલશે .....
પણ કાચા કાન નહિ ચાલે..
નહિતર બધુજ પાકું થયેલું
તૂટતાં વાર નથી લાગતી...

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Year - 22 ● Issue No. - 260 ● 1st May 2025 Price Rs. 2/- ● Pages-12

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444
સહ સંપાદક : રમેશભાઈ સી. શાહ 94263 84275

વિજયભાઈ કે. શાહ............(બોરીયાવી) 9998602896
ભાઈલાલભાઈ એન. ગાંધી.........(સમોડા) 9925722324
ભાવેશભાઈ એન. શાહ.............(ભાલક) 9427702080
જશવંતભાઈ પી. શાહ..............(ભાલક) 9974716584
સંદિપભાઈ એસ. શાહ.........(બોકરવાડા) 9825787549

**મેનેજીંગ ટ્રસ્ટી**

બકુભાઈ સી. ગાંધી (સમોડા) 98250 96444

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................. (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ..................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ..................(મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ................ (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ..................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................. (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. .................... (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી................(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ..................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ.......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી.............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................. (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ...............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ..................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ...................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ....................... (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ...............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ.મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

### : શૈક્ષણિક સમિતિ દ્વારા અગત્યની જાહેરાત :

## ખુશ ખબર....ખુશ ખબર..... ખુશખબર....

આપણા મંડળ દ્વારા ચાલતી શૈક્ષણિક સહાય યોજના અંતર્ગત દરેક વિદ્યાર્થી દીઠ બે ડઝન ફુલ સ્કેપ ૧૪૪ પેજના ચોપડાનું રાહત દરે દર વર્ષે વિતરણ કરવામાં આવે છે પરંતુ આ વર્ષે વિનામૂલ્યે સંપૂર્ણ મફત દરેક વિદ્યાર્થીને ૨ ડઝન ચોપડા અને ( પાઉચ,બોલપેન સેટ, સ્કેલ,પુશ પેન્સિલ,રબર) નો ૧ સેટ આપવામાં આવશે.

આપણા મંડળને એક ડઝન ફુલસ્કેપ ચોપડા રૂ.૩૩૬/- ની પડતર કિંમતમાં પ્રાપ્ત થાય છે જેની સામે દરેક સભ્ય પાસેથી એક ડઝન ના રૂ.૧૫૦/- લેવામાં આવે છે અને મંડળ એક ડઝન પર રૂ.૧૮૬/- નો આર્થિક સહયોગ આપે છે પરંતુ આ વર્ષે દાતાશ્રી ભરતકુમાર રસિકલાલ શાહ (વિસનગર ..હાલ અમેરિકા) તરફથી દાન મળતા એક ડઝન ચોપડાના લેવામાં આવતા.

રૂ. ૧૫૦ એટલે ૨ ડઝન ચોપડાના ૩૦૦ રૂ. અને (પાઉચ અને પેન સેટ ની અંદાજિત રકમ ૭૦ રૂ. ) એટલે કુલ ૩૭૦ એક વિદ્યાર્થી દીઠ નહીં લેતા તદ્દન વિનામૂલ્યે વિદ્યાર્થી ને ચોપડા તેમજ પાઉચ અને પેન સેટ આપવાનો ઉમદા નિર્ણય તેમના પરિવાર તરફથી લેવામાં આવેલ છે.

દાતાશ્રીને અભિનંદન સહ ખૂબ ખૂબ આભાર...

---

દર વર્ષની જેમ અમદાવાદ જ્ઞાતિ મંડળ દ્વારા અમદાવાદ જ્ઞાતિ મંડળમાં સભ્યપદ ધરાવતા જ્ઞાતિજનોના જે સંતાનો ધોરણ ૧ થી ઉચ્ચ શિક્ષણ સુધીનો અભ્યાસ કરી રહ્યા હોય તેવા દરેક વિદ્યાર્થી અને વિદ્યાર્થીની દીઠ વધુ માં વધુ (૨) બે ડઝન ફૂલ સ્કેપ 144 Pages ના ચોપડા તેમજ ( પાઉચ,પેનસેટ, સ્કેલ,પુશ પેન્સિલ, રબર ) નો ૧ સેટ નું વિતરણ કરવાનો ઠરાવ થયેલ છે. તે મુજબ દરેક વિદ્યાર્થીને Google ફોર્મ માં નોંધણી કરાવ્યા મુજબ વધુ માં વધુ (૨) બે ડઝન ચોપડા અને સાથે દરેક વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીને આ વર્ષે (પાઉચ અને બોલપેનનો ) એક સેટ બંને વસ્તુ નિ:શુલ્ક આપવાની છે.

### : ખાસ સૂચના :

પરિવાર પત્રિકાના માર્ચ ૨૦૨૫ ના અંકમાં પ્રગતિ અહેવાલમાં જણાવ્યા મુજબ ચોપડા મેળવવા માટે આ વર્ષે જે સભ્યોએ Google ફોર્મ માં જરૂરી વિગતો ભરીને Online Submit કરીને રજીસ્ટ્રેશન કરાવેલું હશે તેમને જ આ સ્કીમ હેઠળ ચોપડા અને (પાઉચ અને બોલપેન ) ના સેટ નિ:શુલ્ક મળશે આ અંગે અમદાવાદ મંડળના WhatsApp ગ્રુપ દ્વારા વખતો વખત અમદાવાદના જ્ઞાતિજનોને Google ફોર્મ દ્વારા રજીસ્ટ્રેશન કરાવવાની તાકીદ કરવામાં આવેલી છે તે મુજબ જેમણે

# પરિવાર પત્રિકા

**સૌજન્ય દાતા**

**(જાન્યુઆરી-૨૫ થી ડીસેમ્બર-૨૫)**



**સ્વ.કાન્તાબેન શશીકાન્તભાઈ ગાંધી**

(મોટેરા) અમદાવાદ

જન્મ તા.૦૧-૦૬-૧૯૪૮ - સ્વ.તા.૧૦-૦૭-૨૦૨૩

પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને
સાચી શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના

**સદ્‌ગતની સ્મૃતિમાં**

અલકા હિતેશકુમાર ગાંધી
હિતેશકુમાર બકુભાઈ ગાંધી
ચાર્મી હિતેશકુમાર ગાંધી
વિધિ હિતેશકુમાર ગાંધી

**સ્વ.કમળાબેન પોપટલાલ ગાંધી**
**સ્વ.પોપટલાલ મોહનલાલ ગાંધી**

પરિવાર તરફથી અમદાવાદ બહારના
ભારતમાં વસતા
તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા"
મોકલવામાં આવશે.

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

## પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ .....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ...........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ...........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

રજીસ્ટ્રેશન કરાવ્યું હશે તેમને જ આ વર્ષે ચોપડા તથા બોલપેન અને પાઉચ વિતરણનો લાભ મળશે તેની ખાસ નોંધ લેવા વિનંતી. જ્ઞાતિ મંડળના હોલ ઉપરથી આગામી તા.૨૫- ૫-૨૦૨૫ ને રવિવાર તથા તા.૧-૬-૨૦૨૫ ને રવિવાર સવારે ૧૦ થી ૫ કલાક દરમિયાન ચોપડા બોલપેન અને પાઉચનું વિતરણ કરવામાં આવશે.

આપ જ્યારે ચોપડા લેવા પધારો ત્યારે ચાલુ વર્ષ ૨૦૨૪ -૨૫ ની વિદ્યાર્થી / વિદ્યાર્થીનીની જે તે ધોરણની માર્કશીટની ઝેરોક્ષ સાથે લાવશો કદાચ આ વર્ષનું રિઝલ્ટ ન આવ્યું હોય તો જે તે શૈક્ષણિક સંસ્થામાં આપે જે ફી ભરી હોય તેની રીસીપ્ટ (પહોંચ ) લઈને આવશો. શૈક્ષણિક સમિતિ દ્વારા તે ચેક કરવામાં આવશે તે સિવાય ચોપડા - પાઉચ અને બોલપેન નો લાભ મળશે નહીં. (પૂર્વ અમદાવાદમાં) કૃષ્ણનગર, સૈજપુર બોઘા, નરોડા, સરસપુર,બાપુનગર, વિરાટનગર,ઓઢવ તથા (દક્ષિણ અમદાવાદમાં ) વટવા, લાંભા, નારોલ વગેરે વિસ્તારોના આપણા મંડળના જ્ઞાતિજનો- સભ્યોએ નીચેના સ્થળેથી ચોપડા - બોલપેન અને પાઉચ મેળવી લેવા વિનંતી.

**અંકિતભાઈ અશોકભાઈ શાહ (ભાલક)** મો. ૯૯૨૪૧ ૨૨૦૬૦
B/૫૩/૮૫૨ ગુજરાત હાઉસિંગ બોર્ડ, વિદ્યાવિહાર સ્કૂલ સામે,
કૃષ્ણનગર, નરોડા રોડ, અમદાવાદ ૩૮૨૩૪૬
તા.૨૫ મે તથા ૧ જુન ૨૦૨૫ ને રવિવાર
સમય (સવારે ૧૦ થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી...)

### શૈક્ષણિક સહાય અંગેના ફોર્મ અંગેની અગત્યની સૂચના

દાતા શ્રીમતી રાઈબેન નાથાલાલ ગાંધી (હસ્તે: શેઠ શ્રી લાલચંદભાઈ ગાંધી મોટેરા હાલ મુંબઈ) શૈક્ષણિક સહાય યોજના અંતર્ગત ધોરણ ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થિની ઓને શાળા ફી તથા ગણવેશ માટે સહાય આપવામાં આવે છે. ચાલુ વર્ષે આ યોજનાનો લાભ લેવા માંગતા વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓએ તારીખ ૨૫, મે - ૨૦૨૫ તથા ૧ જુન -૨૦૨૫ એમ બે રવિવાર કાર્યાલયે રૂબરૂ આવીને નિયત અરજી ફોર્મ ભરવાનું રહેશે. અરજી ફોર્મ ઘરે આપવામાં આવશે નહીં તેની ખાસ નોંધ લેવી તે માટે આ સાથે નીચે દર્શાવેલ આધાર-પુરાવા લઈને જ આવવા વિનંતી છે.

૧) વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીની આધાર કાર્ડની ઝેરોક્ષ
૨) માર્કશીટની પ્રમાણિત નકલ
૩) ઘરના છેલ્લા માસના લાઈટ બીલની નકલ
૪) વાલી જ્યાં નોકરી કરતા હોય ત્યાંની છેલ્લા પગારની પે સ્લીપ
૫) વેપાર/ ધંધો/ વ્યવસાય કરતા હોય તો છેલ્લા વર્ષની ઈન્કમટેક્ષ રિટર્નની નકલ.
૬) શાળાની નોંધણીના દાખલા ની ઝેરોક્ષ કોપી, અને સાથે શાળાના લેટરપેડ ઉપર આખા વર્ષની ફી અંગેની વિગત લખાવીને લાવવી.



**જેવા પણ છો, પોતાની રીતે જીવો,**
**બીજાની કોપી કરવા જશો તો,**
**પોતાનું અસ્તિત્વ ખોઈ બેસશો..!!!**

**ઈન્દિરાબેન ચંદ્રકાન્તભાઈ શાહ**
**(ગાંભુ-હાલ:પૂના)**
જન્મ તા.૨૨-૧૨-૧૯૪૮ ❁ સ્વ.૦૪-૧૦-૨૦૨૪

હેમાબેન રાજેશકુમાર શાહ (ભાલક-અમદાવાદ)
રચના સંજયભાઈ શાહ (ગાંભુ-પૂના)

રોમીલ રાજેશકુમાર શાહ
અનાલી રોમીલ શાહ
કહાન, કીયાન

રીમા રવિકુમાર શાહ
રવિકુમાર વસંતભાઈ શાહ
રીવા

## શૈક્ષણિક ઇનામી મેળાવડા માટે માર્કશીટ મોકલવા માટેની અગત્યની સૂચના :

૧) ધોરણ ૧ થી ૧૦ માં પાસ થનાર વિદ્યાર્થી / વિદ્યાર્થીની ઓના પરિણામમાં ૭૫% કે તેથી વધુ ટકા પ્રાપ્ત કરનારને પ્રથમ દ્વિતીય અને તૃતીય એમ ત્રણ ઈનામ આપવામાં આવેછે.

૨) તેમજ આ વર્ષથી A+ , A અને B+ ગ્રેડ જેમને આવ્યો હોય તેવા વિદ્યાર્થીઓએ પણ માર્કશીટ મોકલવી જેમાં જે તે સ્કૂલની માર્કશીટમાં જે કેટેગરી માર્કશીટ માં લખેલી હશે તેના એવરેજ ટકા ધ્યાનમાં લેવામાં આવશે. દાખલા તરીકે A+ એટલે ૯૫% થી ૧૦૦ % હશે તો ૯૭.૫% ધ્યાનમાં લેવામાં આવશે અને જે વિદ્યાર્થીની માર્કશીટમાં આવી કેટેગરી લખેલ નહીં હોય તેમના માટે શૈક્ષણિક સમિતિએ નક્કી કરેલ ત્રણ નામાંકિત શાળાની ગ્રેડ અંગેની કેટેગરી મુજબ તે વિદ્યાર્થીની ટકાવારી ગણવામાં આવશે તેની ખાસ નોંધ લેવા વિનંતી અને તેમને જ માર્કશીટ મળ્યાની પહોંચ આપવામાં આવશે.

૩) ધોરણ ૧૧ અને ૧૨ આર્ટસ,સાયન્સ ,કોમર્સ ફેકલ્ટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી ૭૫ % કે તેથી વધુ ટકા મેળવનારા ને પ્રથમ અને દ્વિતીય એમ બે ઇનામ દરેક ફેકલ્ટી માં અલગ અલગ આપવામાં આવશે.

૪) કોલેજમાં સ્નાતક, અનુસ્નાતક તેમજ વિવિધ ફેકલ્ટીમાં ફાઇનલ ડિગ્રી હોલ્ડર તેમજ ITI જેવી અન્ય ફેકલ્ટીના ડિપ્લોમા / ડિગ્રી હોલ્ડરમાં દરેક પ્રથમ આવનારને ઇનામ આપવામાં આવશે. આ અંગેની માર્કશીટ ની ઝેરોક્ષ કોપી ચોપડા વિતરણના બે રવિવાર દરમિયાન અને જો માર્કશીટ ન આવી હોય તો તા.૩૧-૭-૨૦૨૫ સુધીમાં કાર્યાલયમાં આપીને પહોંચ મેળવી લેવી.

૫) માર્કશીટ ની ઝેરોક્ષ કોપી આપતી વખતે શૈક્ષણિક સમિતિ દ્વારા તૈયાર કરેલ ફોર્મમાં જરૂરી વિગતો લખીને માર્કશીટ એટેચ કરીને જમા કરાવવાની રહેશે. દરેક વિદ્યાર્થી દીઠ અલગ ફોર્મ ભરવાનું રહેશે. ફોર્મ જમા કરાવ્યા પછી તેની પહોંચ મેળવી લેવી. માર્કશીટની વિગતો ભરવાનું ફોર્મ કાર્યાલય વાસણા મંડળ ના હૉલ પરથી અને પૂર્વ વિસ્તારમાં અંકિતભાઈ અશોકભાઈ શાહ (ભાલક ) ના ઘરેથી નક્કી કરેલ ૨ રવિવાર દરમિયાન આપવામાં આવશે. તે સભ્યોએ પોતાના સંતાનો ની માર્કશીટ અને ફોર્મ ભરીને ત્યાં જ અંકિતભાઈ ને જમા કરાવવાના રહેશે.

૬) આપણા કુટુંબમાં અમદાવાદમાં રહેતા ૧૮ વર્ષથી વધુ વયના યુવાન પુત્ર હોય અને જ્ઞાતિ મંડળના સભ્ય ન થયા હોય તો તેમણે મંડળની ઓફિસે આવી આજીવન સભ્ય પદ મેળવી લેવા નમ્ર વિનંતી અને વાર્ષિક સભ્ય હોય તો તેમણે આજીવન સભ્ય પદ મેળવી લેવા નમ્ર વિનંતી.

## -: સાધર્મિક વાત્સલ્ય યોજના :-

કાયમી મુખ્ય સૌજન્ય દાતા શ્રીમતી વર્ષાબેન દિલીપકુમાર શાહ (ભાલક), કાયમી સહાયક દાતા શ્રી મુકેશભાઈ સુરેશચંદ્ર ગાંધી ( રણુંજ ) તથા કાયમી સહાયક દાતા શ્રીમતી મંગુબેન ચંદુલાલ શાહ (વડાવલી) ના દાનથી ચાલતી સાધર્મિક વાત્સલ્ય યોજના અન્વયે દર વર્ષની જેમ અમદાવાદ જ્ઞાતિ મંડળના સભ્યશ્રીઓને વર્ષ- ૨૦૨૫-૨૬ ની કરીયાણા (Grossary) ના પ્રથમ રાઉન્ડનો જથ્થો મેળવવા માટેનું ફોર્મ તા. ૦૪-૦૫-૨૦૨૫ થી તા. ૧૪-૦૫-૨૦૨૫ સુધી અમદાવાદ ખાતે જ્ઞાતિ મંડળના હૉલ પરથી મેળવી શકાશે.

જે સભ્યશ્રીઓ રૂબરૂ આવ્યા વગર આ ફોર્મ મેળવવા માંગતા હોય તેઓએ નીચે જણાવેલ હેલ્પલાઇન મોબાઇલ નંબર પર WhatsApp પર તેમનું નામ, ગામ અને સભ્ય નંબરની વિગત મોકલવાથી pdf ફાઈલ સ્વરૂપે WhatsApp પર મોકલી આપવામાં આવશે.

આ ફોર્મ ભરીને ( પુરાવા સાથે ) મોડામાં મોડા તા. ૧૫-૦૫-૨૦૨૫ સુધીમાં વ્યક્તિગત રીતે કે અન્ય કોઈ વ્યક્તિ મારફતે રૂબરૂમાં, કુરીયર કે પોસ્ટ મારફતે મોડામાં મોડા તા. ૧૫-૦૫-૨૦૨૫ સુધીમાં જ્ઞાતિ મંડળના હોલ પર મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.

ખાસ નોંધ :-

- ભરેલ ફોર્મ WhatsApp પર મોકલી શકાશે નહીં.
- સાધર્મિક વાત્સલ્ય યોજના કોઈ સહાય નથી. પરંતુ, જ્ઞાતિ મંડળની જ્ઞાતિબંધુઓ માટેની નૈતિક ફરજ અને સામાજિક જવાબદારી છે.

તેથી જ્ઞાતિબંધુઓને નમ્ર વિનંતી છે કે, મંડળને જ્ઞાતિબંધુઓ પ્રત્યે ફરજ બજાવવાની તક આપે.

**હેલ્પલાઇન મોબાઇલ નંબર:- +૯૧ ૭૦૪ ૬૬૦ ૨૩૭૫ ( ફક્ત મેસેજ જ કરવા)**

ટ્રસ્ટીગણ

ભાવેશભાઈ એમ શાહ-માનદમંત્રી • રમેશભાઈ સી શાહ-સહમંત્રી

શ્રી મહેસાણા પ્રાંત દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ.

## સંપાદકિય

### ધન સિવાય પણ માણસ પાસે આપવા જેવું ઘણું હોય છે.

માણસની જિંદગીમાં કોઈ કોઈ એવી ક્ષણ આવે છે કે એ કોઈને આશ્વાસનના બે શબ્દો કહેવા જઈ રહ્યો હોય છે અને તેને આશ્વાસનના સાચા બે શબ્દો – માત્ર બે જ શબ્દો સૂઝતા નથી અને બે શબ્દો જીભ પર ચડે છે તો તે શબ્દો ખુદ બોલનારને પોતાને જ રણકા વગરના લાગે છે.

૬૮ વર્ષના પિતાનો ત્રીસ–બત્રીસ વર્ષનો પુત્ર અચાનક મૃત્યુ પામ્યો. કશી જ માંદગી નહીં, કશી જ ચેતવણી નહીં. ખુદ મોત આવીને જિંદગીનું અપહરણ કરી ગયું! ત્યારે માણસે હૃદયના ગમે તે ખૂણેથી શોધીને કાઢેલા આશ્વાસનના શબ્દો એકદમ લુખ્ખા લાગવા માંડે છે. એ ગૃહસ્થ પોતે જ્યારે માતાના ઉદરમાં હતા ત્યારે તેમના પિતાનું અવસાન થયું હતું. તેમણે પિતાનું



મોં મુદ્દલ જોયું નહોતું. માતાએ પારકાં કામ કરીને દીકરાને મોટો કર્યો હતો. એ દીકરો આખી જિંદગી કાળી મજૂરી કરીને જ્યારે હવે જિંદગીના અંતિમ વર્ષોમાં કંઈક સુગમતા અને કાંઈક શાંતિની આશા રાખી રહ્યો હતો. ત્યાં જ તેની ઉપર આ કારમો પ્રહાર થયો. જુવાનજોધ દીકરો જતો રહ્યો. ગૃહસ્થે કહ્યું : 'એક જ દિવસમાં હું તો સિંહમાંથી શિયાળ થઈ ગયો! મોતને મારા ઘરેથી જ એક માથું જોઈતું તો હતું મેં મારું માથું આપવાની ક્યાં આનાકાની કરી હતી! હું તો તૈયાર જ બેઠો હતો, પણ આવું કેમ બને છે! મોતને ભૂખરા–ધોળા વાળ ઓછા ગમે છે અને કાળાભમ્મર વાળ જ તેને વધુ ગમે છે! તમે જ કહો, જનારો તો જતો રહ્યો. તેના નાનકડા છોકરાને હું શું જવાબ આપું! એ એની કાલીકાલી બોલીમાં મને પૂછે કે દાદાજી, તમે મારા પપ્પાને શું કામ જવા દીધા? તેમને બદલે તમે જ કેમ ન ગયા, દાદાજી? આ બાળકને હું કઈ રીતે સમજાવું કે તારા પપ્પાને બદલે ભગવાને મને જ ઉપાડી લીધો હોત તો કેટલું સારું હતું! પણ હું શું કરું? મારા હાથની વાત જ નથી.' આ કોઈના હાથની વાત નથી. જિંદગી અને મોત અંગે તો ન સમજાય તેવા ચુકાદા ગળે ન ઉતરે એવા ચુકાદા સ્વીકારી જ લેવા પડે છે, ગરદન ઝુકાવીને ચુકાદાને માથે ચઢાવવા પડે છે.

એક ગૃહસ્થના પત્ની મૃત્યુ પામ્યાં પછી તેમનું દુ:ખ જોઈને કોઈ મિત્રે કહ્યું : 'તમે તમારી પત્નીને ખૂબ ચાહતા હતા તેથી તમને આટલું બધું દુ:ખ થાય છે, નહીં?' ગૃહસ્થે પૂરી પ્રમાણિકતાથી કહ્યું : 'એ વાત સાચી હોય તો કેટલું સારું હતું! મને આટલી બધી પીડા થવાનું સાચું કારણ એ છે કે એ ચાલી ગઈ ત્યારે જ મને ભાન થયું કે મારે તેને જેટલી ચાહવી જોઈતી હતી એટલી મેં એને ચાહી નહીં! મને ખરેખર પસ્તાવો થાય છે કે એ જીવતી હતી ત્યારે મેં તેને વિશેષ ચાહી હોત તો કેટલું બધું પામી હોત હું કેટલું પામ્યો હોત!' આપણા સ્વજનો આપણી પાસે જ હોય છે ત્યારે આપણે તેમને પૂરા ચાહતા નથી. તેમને સમજતા નથી! પછી કોઈ સ્વજન ચાલ્યું જાય છે ત્યારે આપણે એક મિલકત ગુમાવી બેઠાનું દુ:ખ વેઠીએ છીએ અને છાતીફાટ રુદન કરીએ છીએ?

આપવા માટે ધન તો ઘણા બધા માણસો પાસે નથી હોતું, પણ તેમની પાસે ધન સિવાય પણ આપવા જેવું ઘણું બધું હોય છે. પ્રેમ, આદરના બે શબ્દો, શુભેચ્છાનું એક વચન, પણ માણસ એ પણ આપતો નથી.

બકુભાઈ સી. ગાંધી (સમોડા)-સંપાદક • રમેશભાઈ સી. શાહ(કમાણા)-સહ સંપાદક

### રૂ.૨૫૦/- માં જન્મ દિવસ તથા રૂ.૫૦૦/- ના નજીવા ખર્ચમાં લગ્ન દિવસની શુભેચ્છા જાહેરાત

સુજ્ઞ જ્ઞાતિજનો,

તમામ જ્ઞાતિજનો તેમના પરિવારના સભ્યશ્રીઓના જન્મ દિવસ તથા લગ્ન દિવસની જાણ તમામ જ્ઞાતિજનોને એકદમ નજીવા ખર્ચમાં કરી શકે તથા સ્નેહીજનો શુભેચ્છા પાઠવી શકે તેવા હેતુથી દર મહિને પ્રસિધ્ધ થતા "પરિવાર પત્રિકા" અંકમાં જન્મ દિવસ તથા લગ્ન દિવસની જાહેરાત નજીવા ખર્ચે આપવાનું નક્કી કરેલ છે.

(૧) જન્મ દિવસ / લગ્ન દિવસ માટે નક્કી કરેલ સાઈઝ મુજબ ફોટો, નામ, ગામનું તથા હાલના શહેર, જન્મ / લગ્ન તારીખ, મોબાઈલ નંબર પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૨) દરેક પાના પર જન્મ દિવસ માટે ૧૨ નામ તથા લગ્ન દિવસ માટે ૬ નામ પ્રસિધ્ધ કરવામાં આવશે અથવા આવેલ જાહેરાત આધારે પેજ સેટીંગ કરવામાં આવશે. જન્મ દિવસ / લગ્ન દિવસનો ફોટોગ્રાફ તારીખ પ્રમાણેના ક્રમમાં ગોઠવવામાં આવશે.

(૩) પાનાના હેડીંગમાં કોમન શુભેચ્છા સંદેશ પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૪) જે માસમાં જન્મ / લગ્ન દિવસ હોય તેના અગાઉના માસની ૧૫ મી તારીખ સુધીમાં હેલ્પલાઈન મોબાઈલ નંબરઃ +૯૧ ૭૦૪ ૬૬૦ ૨૩૭૫ પર ફોટોગ્રાફ મોકલી આપવાનો રહેશે.

(૫) જન્મ દિવસ શુભેચ્છા સંદેશ માટે રૂ. ૨૫૦/- તથા લગ્ન દિવસ શુભેચ્છા સંદેશ માટે રૂ.૫૦૦/- એડવાન્સમાં જમા કરાવવાના રહેશે. ઓનલાઈન રકમ ટ્રાન્સફર કરવામાં આવે તો સ્ક્રીન શોટ / ડીટેઈલ્સ મોકલી આપવાની રહેશે.

(૬) હાલના તબક્કે પ્રતિ માસ "પરિવાર પત્રિકા" માં બે પેજીસ ફાળવવામાં આવનાર હોઈ ૧૫ તારીખ પહેલાં મળેલ જાહેરાત વહેલા તે પહેલાના ધોરણે સ્વીકારવામાં આવશે તથા પ્રસિધ્ધ કરવામાં આવશે.

**દરેક જ્ઞાતિજનોને આ યોજનાનો લાભ લેવા વિનંતી છે.**







## સ્વ. સુરેશકુમાર રસિકલાલ શાહ (વિસનગર–હાલ અમેરિકા)

જન્મ: તા.૧૪/૦૬/૧૯૪૩ સ્વ.તા: ૧૬/૦૨/૨૦૨૫

### જીવનની દરેક સમસ્યાના ઉકેલની માસ્ટર કી શિક્ષણ છે.

**શિક્ષણ એ સમાજ પરિવર્તનનો પાયો છે. સારા સુગ્રંથિત-સુઘડ સમાજની રચના શિક્ષણ-ઉચ્ચ શિક્ષણ ઉપર અવલંબે છે. શિક્ષણ વગર વ્યક્તિનો કે સમાજનો વિકાસ શક્ય જ નથી.**

શિક્ષણના ઉપરોક્ત વાક્યોની મહત્વતા સમજી,ચરિતાર્થ કરીને શ્રી ભરતકુમાર રસિકલાલ શાહ (વિસનગર-હાલ અમેરિકા) એ તેમના ભાઈશ્રી સ્વ.સુરેશકુમાર રસિકલાલ શાહના આત્મશ્રેયાર્થે તેમજ પુણ્ય સ્મૃતિમાં આપણા મંડળ દ્વારા ચાલતી શૈક્ષણિક સહાય યોજનામાં રૂ.૧,૦૦,૦૦૦/- લાખ (એક લાખ)નું દાન આપેલ છે. ભરતભાઈ સ્પષ્ટ વિચારે છે કે ભણતર આ જીવનના ઘડતરનો પાયો છે જ્ઞાન વિના વિજ્ઞાન પણ અધૂરું છે. આ સનાતન સત્ય ને બરાબર પચાવી વિદેશમાં રહેવા છતાં સમાજને યાદ કરી શૈક્ષણિક સહાય ક્ષેત્રે આર્થિક યોગદાન આપી સ્વ. સુરેશભાઈના આત્મશ્રેયાર્થની સાથે સમાજનું પણ ઋણ ચુકવેલ છે. તેમની સમાજ પ્રત્યેની સદભાવનાને અમો બિરદાવીએ છીએ. સમાજ સેવાના આ સદ્કાર્યમાં તેમના ધર્મપત્ની જ્યોતિબેન, સુપુત્રો સમીર-ભાવીન, પુત્રવધુ જીગ્ના તેમજ પૂર્વી, પૌત્રો સાહિલ-જયમીન-શિવમ તેમજ પૌત્રી સોફીયા પણ સંપૂર્ણ સાથ સહકાર આપી રહ્યા છે. હાલમાં સમીર ડાયમંડના વ્યવસાયમાં છે અને ભાવિન કોમ્પ્યુટર એન્જીનીયર છે. સ્વ સુરેશભાઈના ધર્મપત્ની પ્રતિમાબેન શાંત, સરળ અને નિખાલસ સ્વભાવના છે. તેમના સુપુત્રોઃ હિરેન-હર્ષિલ, પુત્રવધુઃ બીના-હિરલ, પૌત્રો : રોનિત -જીયાન તેમજ પૌત્રીઓઃ સોનિયા- ઝાષ હાલ અમેરિકામાં સ્થિત છે પણ સમાજ પ્રત્યે હંમેશા સદ્ભાવના ધરાવે છે. આવા ઉદારદિલ દાતાશ્રીનો આપણે સૌ અભિનંદન સહ આભાર માનીએ છીએ.

**શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ**

# અનુમોદના ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

રૂા.૫૦૦૧/-



શ્રી રમણલાલ ચીમનલાલ શાહ
(ગાંભુ)

શ્રી રમણલાલ ચીમનલાલ શાહ (ગાંભુ) અમદાવાદની તૃતીય વાર્ષિક પુણ્યતીથી (સ્વ.તા.૨૭-૦૬-૨૦૨૨) નિમિત્તે સદ્ગતની સ્મૃતિમાં તેમના આત્મશ્રેયાર્થે આપણી જ્ઞાતિમાં સાધર્મિક પરિવારોને અપાતી ખાદ્ય સામગ્રી સાથે અનુમોદના રૂપે આપવા માટે રૂા.૫૦૦૧/- તેમના પરિવાર તરફથી મળ્યા છે. સદ્ગત લક્ષ્મીવર્ધક સંઘમાં સ્નાત્ર મંડળના સ્થાપક/પ્રણેતા અને ભક્તામર મંડળના મુખ્ય કર્તા-હર્તા હતા. ઉપરાંત ગાંભુ તીર્થે ડેવલોપમેન્ટ માટે તેમનું સમગ્ર જીવન સમર્પિત કરેલ હતું. તેમના ધર્મપત્ની પ્રભાવતીબેન, તેમના પુત્રવધુ પ્રતિમાબેન રાજેશભાઈ, સુપુત્રી સુહાની પાર્થ પારેખ તથા સુપુત્રી જૈની નીરવકુમાર પરીખ તેમના સત્કાર્યોમાં સતત મદદરૂપ અને પ્રેરણારૂપ બનતા હતા. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે તેવી જ્ઞાતિમંડળ પ્રાર્થના કરે છે.

રૂા. ૫,૦૦૦/-



શ્રીમતિ કાન્તાબેન નવનીતલાલ ગાંધી
(રણુંજ) અમદાવાદ

સત્કર્મોથી શતાયુને શોભાવનાર ધર્માનુરાગી શ્રીમતિ કાન્તાબેન નવનીતલાલ ગાંધી (રણુંજ) અમદાવાદની સ્મૃતિમાં તેમના સુપુત્ર શ્રી પ્રમોદભાઈ અને પુત્રવધુ શ્રીમતિ કૈલાસબેન તરફથી જ્ઞાતિમંડળમાંથી સાધર્મિક પરિવારોને અપાતી ખાદ્ય સામગ્રી સાથે આપવા માટે અનુમોદના રૂપે રૂા. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) મળેલ છે. આ પરિવારની જ્ઞાતિમંડળ અનુમોદના કરતા આનંદ અનુભવે છે.

રૂા.૫૧૦૦/-



શ્રી નરેન્દ્રભાઈ હિંમતલાલ શાહ
(બોકરવાડા) અમદાવાદ

શ્રી નરેન્દ્રભાઈ હિંમતલાલ મોહનલાલ શાહ (બોકરવાડા) અમદાવાદ તરફથી એમના ૭૩ માં જન્મદિવસ (જન્મ તા.૨૮-૦૫-૧૯૫૩) નિમિત્તે આપણી જ્ઞાતિ દ્વારા સાધર્મિક પરિવારોને અપાતી ખાદ્ય સામગ્રીસાથે આપવા માટે રૂા.૫૧૦૦/- ભેટ મળ્યા છે. સંસ્થાને ઉપયોગી થવાની એમની આ ભાવનાની મંડળ અનુમોદના કરે છે. તેમના પરિવારમાં તેમના સુપુત્ર, પુત્રવધુ તથા પૌત્ર હર હંમેશ તેમના સત્કાર્યમાં સાથ-સહકાર આપી પ્રેરક બળ પુરુ પાડે છે. જ્ઞાતિ મંડળ તેમને અને તેમના પરિવારને પારિવારીક પ્રસન્નતા અને નિરામય દીર્ઘાયુની શુભેચ્છા પાઠવે છે.

રૂા. ૨૫૦૦/- શ્રી ભગીરથભાઈ શાન્તીલાલ વાડીલાલ શાહ (લુણવા-મંડાલી) હાલ: અમદાવાદ તરફથી તેમની કંપની પપ્પુ પ્રિન્ટર્સને ૫૦ વર્ષ પૂર્ણ કરી ૫૧ માં વર્ષમાં પ્રવેશની ખુશાલીમાં જ્ઞાતિ મંડળને અનુમોદના ખાતે રૂા.૨૫૦૦/-નું દાન આપેલ છે. સમાજ પ્રત્યેની ભાવનાને બિરદાવતા જ્ઞાતિ મંડળ તેઓશ્રીનો આભાર માને છે અને દિન-પ્રતિદીન પ્રગતિના સોપાન સર કરે તેવી ભાવના સેવે છે.

# સાધર્મિક ક્ષેત્રે......દાન-ફંડ-ભેટ



સ્વ.દીલીપભાઈ રતીલાલ શાહ
(ખરોડ-મુંબઈ)

કર્તવ્ય, નિષ્ઠાવાન ગૃહીણી, ગુણાનુરાગી સન્નારી, સોનલબેન દીલીપભાઈ શાહ (ખરોડ-હાલ:મુંબઈ) ડી. આર. ક્લાસીસ વાળા સ્વ.શ્રી દીલીપભાઈ રતીલાલ શાહની ધર્મચારીણી તેમજ તેમની દીકરીઓ શ્રીમતી નીશાબેન તથા પૂજાબેન તરફથી સાધાર્મિક બાંધવોને આપવા માટે તેમના ફાર્મહાઉસમાંથી ૧૦૦૦ કિલો ઘંઉ મળવા પામેલ છે. ગત વર્ષે પણ તેમના તરફથી ૭૦૦ કીલો ઘંઉ મળવા પામેલ. મુંબઈ બેઠા બેઠા પણ સમાજના સાધાર્મિક બંધુઓ તરફની લાગણીને અને સમાજ પ્રત્યેની ભાવનાને બિરદાવતા જ્ઞાતિ મંડળ હૃદય પૂર્વક આભાર માને છે.

## શ્રી જૈન દશા શ્રીમાળી સુડતાળીશ જ્ઞાતિ મંડળ, સુરત



પ્રમુખ હેમંતભાઈ શાહ (પીઠારપુરા) તેમજ ઉપપ્રમુખ ભરતભાઈ શાહ ( વડાવલી ) દ્વારા ડોક્ટર ઉમેશ શાહનું બહુમાન.

આપણા સુરત જ્ઞાતિ મંડળ તરફથી હેલ્થ કેમ્પ તા:- ૨૦/૦૪/૨૦૨૫ ના રોજ રાખવામાં આવ્યો હતો જેમાં જ્ઞાતિજનો એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો જેમાં આપણા સમાજના જ ખૂબ જ વ્યસ્ત ડોક્ટરોએ નિ:શુલ્ક સેવા આપી હતી. મેડિકલ કેમ્પમાં અલ્પાહાર ની વ્યવસ્થા રાખવામાં આવી હતી ત્યારબાદ ડોક્ટરોને મોમેન્ટો આપી કારોબારી કમિટી દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.

# બદલાયેલા સરનામા

**અમદાવાદ**

અજીતકુમાર કાંતિલાલ શાહ..............................(કરલી)
બી/૩૦૩ ધનંજય એલિગન્સ, નારણપુરા ટેલિફોન એક્સચેન્જ સામે, અર્જુન ગ્રેસ, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧



લગ્ન ઈચ્છુકનો બાયોડેટા
ફોટો સાથે
વિનામૂલ્યે પ્રગટ
કરવામાં આવશે.
સુસ્પષ્ટ અક્ષરે લખાણ હોવું જરૂરી છે.



## શ્રદ્ધાંજલિ



**સ્વ. રશ્મિકાબેન અરવિંદભાઈ શાહ**

(ઉનાવા)

સ્વ.તા.૨૫-૦૫-૨૦૨૪

સમય જીંદગીનો ઓછો હશે...
ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે...
ક્યાં ખબર હતી,
જ્યાં કુદરત રૂઠી...
કોને ફરિયાદ કરવી?
નાની શી જીંદગી હતી પણ
મોટી માયા લગાડી ગયા.
પ્રભુ તમારા દિવ્ય આત્માને
શાંતિ અર્પે એ જ પ્રાર્થના

અરવિંદભાઈ ઉત્તમલાલ શાહ (ઉનાવા - અમદાવાદ)
(૭૩૮૩૦૮૫૫૪૫)
પરાગભાઈ અરવિંદભાઈ શાહ (પુત્ર) (ઉનાવા - અમદાવાદ)
(૯૭૨૫૬૫૭૫૭૨)
કિંજલબેન નીતિનભાઈ ચારણ (પુત્રી) (બાકરોલ-અમદાવાદ)
(૬૩૫૫૭૪૪૭૧૩)
નીતિનભાઈ નિવિનભાઈ ચારણ (જમાઈ) (બાકરોલ-અમદાવાદ)
(૮૮૪૯૮૨૧૪૮૯)
માહી નીતિનભાઈ ચારણ (બાકરોલ-અમદાવાદ)
શ્રેય નીતિનભાઈ ચારણ (બાકરોલ-અમદાવાદ)

## આધાર કાર્ડમાં પડતી મુશ્કેલીઓ અને ઉચ્ચ શિક્ષણ સહાય અંગે ટોક શો

**સમાજ જાગૃતિ અને કલ્યાણ સમિતિ દ્વારા જુદા જુદા વિષયો પર ઉપયોગી થાય તેવા ટોક શોનું આયોજન કરવામાં આવેલ છે.**

તે અન્વયે હાલમાં બે ટોક શો

(૧) આધાર કાર્ડ અને તેને લગતી મુશ્કેલીઓનું નિરાકરણ તથા

(૨) ઉચ્ચ શૈક્ષણિક સહાય માટે જુદી જુદી સંસ્થાઓની યોજનાઓની માહિતીનું આયોજન કરેલ છે.

આ માટેની લીંક ટુંક સમયમાં ઉરઙ્ગજછૅ ના માધ્યમથી આપવામાં આવશે.

દરેક જ્ઞાતિજનને ઉપયોગી થાય તે રીતે માહિતી આપવાનું આયોજન કરેલ છે.

સર્વે જ્ઞાતિજનોને વિનંતી કે સમયસર આ કાર્યક્રમમાં અચુક જોડાય.

જે જ્ઞાતિજનો રૂબરૂ જોડાવા માંગતા હોય તેઓ વાસણા મંડળના હોલ પર પણ આવી શકે છે.

આ કાર્યક્રમની ડિજિટલ લિંક આપણા જ્ઞાતિના સિવાય અન્ય જૈનોને પણ મોકલી શકો છો.

(૧) સમય : રાત્રે ૮.૩૦ થી શરૂ
તારીખઃ ૧૫/૫/૨૦૨૫
વિષયઃ આધારકાર્ડ અને તેને લગતી મુશ્કેલીઓનું નિરાકરણ

(૨) સમય : રાત્રે૮.૩૦ થી શરૂ  તારીખઃ ૨૯/૫/૨૦૨૫
વિષયઃ ઉચ્ચ શિક્ષણ સહાય માટે જુદી જુદી સંસ્થાઓની યોજનાઓની માહિતી

**જ્ઞાતિબંધુઓએ અચુક લાભ લેવા વિનંતી છે.**

**ખાનગી વાતો ખાનગી રાખજો**
**જો વાનગી બની જશે તો તમારા કરતાં**
**લોકો વધારે ચાખશે.**

ભીનાશ ભીતર માં હોવી જોઈએ....
આંખો નું શુ...?
એ તો બિચારી હરખ માં પણ છલકાય જાય છે....

## શ્રધ્ધાંજલિ



# કુસુમબેન શાન્તિલાલ શાહ

(ઉનાવા – હાલ: મુંબઈ)

જન્મ તા : ૧૮–૦૩–૧૯૩૮ ● સ્વ. તા : ૦૧–૦૪–૨૦૨૫

જીવન એવું જીવી ગયા કે સૌ યાદ કરે, કર્મોસદા એવા કર્યા કે સૌના હ્રદયમાં ગૂંજ્યા કરે,
દુ:ખને દેખાડ્યું નહી, સુખને છલકાવ્યું નહી, સુખ-દુ:ખમાં હસતા રહ્યા. આપનો પરગજુ
મિલનસાર, કુટુંબપરાયણને લાગણીશીલ સ્વભાવ સદાય અમારા હ્રદયમાં જીવંત રહેશે,
શાહ પરિવારનો ઝળહળતો દિપક બુઝાઈ ગયો. પ્રભુ તેમના આત્માને પરમ શાંતિ આપે અને
આવી પડેલા દુ:ખનો સામનો કરવાની પરિવારને શક્તિ આપેએજ અભ્યર્થના સાથે સૌને જય જિનેન્દ્ર

પતિ : સ્વ. શાન્તિલાલ અમૃતલાલ શાહ
પૂત્ર : કીરણ શાન્તિલાલ શાહ
પુત્રવધૂ : છાયા કીરણ શાહ
પૌત્ર : પ્રતીક, ચિરાગ
પૂત્ર : સ્વ. રાજેશ શાન્તિલાલ શાહ
પુત્રવધૂ : ગં સ્વ. આરતી રાજેશ શાહ
પૌત્રી : ભક્તિ

પુત્રી : ગં સ્વ . તરુણાબેન દિલીપકુમાર શાહ
જમાઈ : સ્વ. દિલીપકુમાર દલસુખલાલ શાહ
સ્વ. દીક્ષિત - રશ્મિ
તેજસ - મેઘા
હેતલ - ભાવેશકુમાર
(બોકરવાડા)

પુત્રી : સુરેખાબેન જિતેન્દ્રકુમાર શાહ
જમાઈ : જિતેન્દ્રકુમાર જયંતીલાલ શાહ
મિતેશ - પાયલ
શીતલ - કેતનકુમાર
(ભાન્ડુ)

પુત્રી : ગં સ્વ. મધુબેન હરેશકુમાર શાહ
જમાઈ : સ્વ. હરેશકુમાર ભોગીલાલ શાહ
સાગર - પૂજા
તેજલ - નૈનેશકુમાર
(મણુદ)

સ્વ. અમૃતલાલ લીલાચંદ શાહ પરિવાર (ઉનાવા)
સ્વ. ચીમનલાલ તલકચંદ શાહ પરિવાર (ગાંભુ)

ડી - ૧૭૦૫, ૧૭ મા માળે, શિયાના, વધવા એટમોશફીયર ઓ-૨, રૂનવાલ ગ્રીન ની સામે, ગોરેગાંવ મુલુંડ લિંક રોડ, મુલુંડ વેસ્ટ, મુંબઈ - ૪૦૦૦૮૦
કિરણભાઈ : ૯૮૨૦૨૧૨૫૮૪

# ભાવભીની શ્રધ્ધાંજલિ



## સ્વ.શ્રીમતી નિર્મળાબેન જયંતિલાલ શાહ (ઉંટાઈ ગામ)

જન્મ તા.૧૯-૦૨-૧૯૪૧ ● સ્વ.તા.૨૧-૦૫-૨૦૨૪

ધર્મ કદી ભૂલ્યા નહીં, કર્મ કદી ચુક્યા નહીં,
જીંદગી હતી નાની, પણ માયા મોટી લગાડી ગયા.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમશાંતિ આપે એવી પ્રાર્થના.
આ સાથે પ્રથમ પુણ્યતિથીએ સમસ્ત શાહ પરિવારની સ્મરણાંજલિ

જયેશભાઈ જયંતિલાલ શાહ
નૈનાબેન જયેશભાઈ શાહ

સુનિલભાઈ જયંતિલાલ શાહ
કામિનીબેન સુનિલભાઈ શાહ

**સ્વ.ચંચળબેન હૂકમચંદ શાહ પરિવાર**

# અવસાન-શ્રધ્ધાંજલિ



**રમેશભાઈ મણીલાલ શાહ**
ગામ : મોઢેરા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૭-૦૨-૨૦૨૫, ગુરુવાર



**જયેન્દ્રભાઈ રમણલાલ શાહ**
ગામ : દેણપ
હાલ : પુના
સ્વ. તા.૦૯-૦૪-૨૦૨૫, બુધવાર



**અક્ષત મુકેશભાઈ શાહ**
ગામ : ઉનાવા
હાલ : સુરત
સ્વ. તા.૧૫-૦૪-૨૦૨૫, મંગળવાર



**નિર્મળાબેન અશોકકુમાર શાહ**
ગામ : વિસનગર
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૧-૦૪-૨૦૨૫, સોમવાર



**અમીતાબેન અમીતભાઈ ગાંધી**
ગામ : મોઢેરા
હાલ : બોરીવલી (વેસ્ટ),મુંબઈ
સ્વ. તા.૨૬-૦૪-૨૦૨૫, શનિવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

## હૈયામાં સદૈવ સંગ્રહી રાખજો

જન્મદાતા માતા-પિતાની હયાતીમાં જ કોઈક પુણ્યવંતી પળે,
એમને સ્નેહભર્યા બે શબ્દો કહીને એમનાં દર્શન કરી લેજો.
આ કરુણામૂર્તિના અધરનું અર્ધું બીડાણ થઈ ગયા પછી,
છેલ્લી ઘડીએ તૈયાર ગંગાજળના બે ટીપાં મોમાં મૂકીને શું કરશો ?
સદા આપ્યું છે, કદીય માંગ્યું નથી એવા મા-બાપને જાણી લેજો,
આવા જીવિત તીર્થને સાચા હૃદયથી ક્યારેક ઘડીક માણી લેજો.
'સુખી થજે દીકરા' એવા વેણ બોલી અંતરના આશિર્વાદ આપનારની,
હયાતી નહીં હોય ત્યારે આંખે અશ્રુના તોરણ બાંધીને શું કરશો ?
કાળની થાપટ ક્યારેક વાગશે, સુખી પરિવાર સૂનો સૂનો લાગશે,
પ્રેમાળ હસ્ત આપના મસ્તક ઉપર હવે પછી ક્યારેય નહીં ફરે.
કોટિ ઉપાયે પણ વાત્સલ્યનો સૂર્ય હવે પછી ક્યારેય નહીં ઊગે,
પછી 'દિવાન ખંડ'માં મૂકેલી 'મા-બાપ'ની છબીને વંદન કરીને શું કરશો ?
પાનખરમાં પણ વસંતની મહેક આવે એવો વ્યવહાર હયાતીમાં જ રાખજો,
તમે પણ તમારાં સંતાનોના મા-બાપ છો, એ હકીકતને સવેળા જાણજો.
'વાવશો તેવું લણશો' અને 'ઠાર્યા તેવા ઠરશો' એ ઈશ્વરીય ન્યાયને જાણજો.
દેહ એમના પંચમહાભૂતમાં ભળી ગયા પછી 'શ્રદ્ધાંજલિ'નું બેસણું રાખીને શું કરશો ?
'શ્રવણ' બની તમે ઘડપણની લાકડી બનો એ તો ઘણું રૂડું કહેવાય,
પણ શ્રાવણ-ભાદરવો બની આંખે 'મોતિયો' લાવો તો કેમ સહેવાય ?
જીવતાં જીવ ભાગલા પાડ્યા આ સારસ-બેલડીના, 'મા' 'મોટા'ને ગઈ,
'બાપ' 'નાના'ને ગયો, સગાં સૌએ મોં મચકોડ્યાં આવો વ્યવહાર કેમ સહેવાય ?
નવ નવ માસસુધી પેટમાં પથારી પાથરી 'દેવ'નાં દીધેલાંને લાડથી સાચવ્યા,
સમય આવ્યો જ્યારે સાચવવાનો એમનો ત્યારે 'ઘરડાઘર'ના દ્વાર દેખાડ્યા.
દીકરા! વારા પછી વારો છે, 'મારા' પછી 'તારો' છે એ કુદરતના ન્યાયને જાણજે,
પૈસા ખર્ચતાં બધું મળશે, એક મા-બાપ નહીં મળે, એ વાતને હૈયામાં રાખજે.

સૌજન્ય : મથામણ

## શ્રધ્ધાંજલિ



# સ્વ. નિર્મળાબેન અશોકકુમાર ચંદુલાલ શાહ

(વિસનગર-હાલ:અમદાવાદ)

સ્વ.તા.૨૧-૦૪-૨૦૨૫, સોમવાર

આપે... જીવનમાં કર્મ એવા કર્યા કે સૌના હૃદયમાં વસી ગયા, દુ:ખથી કદી ડર્યા નહી.
સુખથી કદી છલકાયા નહી, વ્યવહાર કદી ચૂક્યા નહી, ધર્મ કદી ભૂલ્યા નહી.
આવા માયાળુ આત્માને અંતઃકરણપૂર્વક શ્રધ્ધાંજલીના પુષ્પો
અર્પણ કરતા અમો પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ કે
આ દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે અને ભવોભવ જૈન ધર્મનું શરણું મળે.

હેતલબેન સંજીવકુમાર શાહ (પુત્રી)
સંજીવકુમાર વિરેન્દ્રભાઈ શાહ (જમાઈ)
સલોની - બ્રીજેશકુમાર - નિવા
કેનીલ - દિશા

સીમાબેન હિમાંશુકુમાર પટેલ (પુત્રી)
હિમાંશુકુમાર દિનેશકુમાર પટેલ (જમાઈ)
હર્ષિલ
ક્રીષ્ટીના

મલય અશોકકુમાર શાહ (પુત્ર)
કાનનબેન મલયકુમાર શાહ (પુત્રવધુ)
તક્ષીલ - ક્રીયા

શેફાલીબેન નિલેષકુમાર શાહ (પુત્રી)
નિલેષકુમાર ભરતભાઈ શાહ (જમાઈ)
સ્વપ્નિલ - તીર્થ

નિવાસ સ્થાન : અશોકકુમાર ચંદુલાલ શાહ
જી-૧૦૧, (દસમો માળ), સચિન ટાવર, આનંદનગર રોડ, સેટેલાઇટ, અમદાવાદ.

અશોકકુમાર ચંદુલાલ શાહ - મો. નં. +૯૧ ૯૪૨૮૦ ૪૮૨૧૩ ● મલયકુમાર અશોકકુમાર શાહ - મો. નં. +૯૧૯૩૨૮૨૨૨૧૭૬

RNI No. GUJGUJ/2003/11307. • Published on 1st date of Every Month. Registered under Postal Registration No. GAMC-1401/2024-2026 valid up to 31st December 2026. Issued by SSPO's Ahmedabad City Fivision, permitted to post at Ahmedabad PSO on 1st date of Every Month. License to post without prepayment No. PMG/NG/102/2024-2026 valid up to 31/12/2026.





# હિંમત એટલે શું?

ઈશ્વરે માણસને જીવન આપ્યું એની સાથે સાથે અનેક અદૃશ્ય મૂડી પણ આપી છે. એ મૂડીમાં સૌથી મહત્વની મૂડી છે હિંમતની. આ મૂડી દ્વારા માનવી જીવનના દરેક તબક્કે વિજય મેળવી શકે છે. જીવનમાં આવતી દરેક આફતોની સામે સામી છાતીએ ઊભો રહી શકે છે. હિંમત નામની આ એક જ મૂડીને આધારે માનવી જીવનને જીતી પણ શકે છે અને શાંતિથી જીવી પણ શકે છે. પણ ક્યારેક એવું બનતું હોય છે કે હિંમતના અભાવે કેટલાંય જીવન બરબાદ થઈ જાય છે. નાનકડી હિંમત ના બતાવી શકવાને કારણે કેટલાંય જીવન સફળતાના શિખરથી દૂર રહી જાય છે.

હિંમત એટલે માનવ જીવનની એ મૂડી જે જીવનને સાર્થક કરે છે, એ સંપત્તિ જે જીવનને અર્થ આપે છે. હિંમત આગ છે, હિંમત બાગ છે. હિંમત એ છે જે અપાહિજને પણ શિખરે પહોંચાડી શકે છે, હિંમત એ છે જે આંખ વિનાનાને પણ ઈશ્વર દેખાડી શકે છે.

હિંમત એ છે જે વિજયના દ્વાર ઉઘાડી શકે છે, હિંમત એ છે જે રણ જેવા જીવનમાં સુખના ફૂલો ઉગાડી શકે છે. હિંમત એ છે જે કાયરતાનો કુચ્ચો કરી શકે છે અને ડરનો ડુચ્ચો વાળી શકે છે.



હિંમત માણસની સૌથી મોટી શક્તિ છે, હિંમત માણસ પાસે સૌથી મોટું શસ્ત્ર છે. હિંમત ખુલ્લી છાતી પર લાગેલું અદૃશ્ય બખ્તર છે. હિંમત કરચલિયાળા જીવનનું રેશમી અસ્તર છે.

હિંમત હાથ વિનાનાનું હથિયાર છે અને પગ વિનાનાની પાંખો છે. હિંમત નાનકડી છાતીમાં શ્વસતું સત્યવાદી સત્વ છે, હિંમત પાંચ ફૂટના શરીરમાં વસતું વિરાટ તત્વ છે. હિંમત છે તો માણસનું અમરત્વ છે.

હિંમત છપ્પનની છાતી છે, હિંમત ચાલ મદમાતી છે, હિંમત મૂંછનો વળ છે, હિંમત આંખોની લાલાશ છે, હિંમત પાંખોનો ફફડાટ છે અને હિંમત મર્દની મર્દાનગી છે. હિંમત હોય તો વિજય છે અને ચારે કોર જય, જય, જય છે.

**પાયાની વાત હિંમત છે,**
**હિંમત ગઈ તો બધું જ ગયું !**

परिवार पत्रिका
PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)
Printed and Published by BAKUBHAI CHHAGANLAL GANDHI on behalf of
SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Phone : 26602375 • Email : mahesana_jainprant@yahoo.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset, Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL,
Dipti Advertisers, 3rd Floor, P K House, B/h. M. J. Library, Ellisbridge, Ahmedabad-6. Editor - BAKUBHAI CHHAGANLAL GANDHI